Vol. No. 02 Issue No. 3 March 2016 Price 30/-

બાળકો અને નવયુવાનો માટે

# હાદી
માસિક

જમાદીયુસ્સાની
હિજરી સન ૧૪૩૬, માર્ચ-૨૦૧૬

## અંક-3
(ઇમામ ખુમૈની રહ. વિશેષાંક)



خصوصی شمارہ

امام خمینی (ره)

રૂ/. ૩૦

Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960
Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018
Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

**વહાલા બાળકો !** **અસ્સલામો અલયકુમ !**

આપણાં માટે આ માસ ખુશી અને શોક બંને સાથે લઈને આવે છે.

ઈસ્લામના ઈતિહાસની એનાથી મોટી કરૂણાંતિકા બીજી કઈ હોઈ શકે કે આપણા વહાલા નબી સ.અ.વ.ની અત્યંત પ્રિય અને એકમાત્ર પુત્રી પોતાના પિતાના અવસાન પછી કદી પોતાના મોઢા ઉપર સ્મિત લાવી શકી નહોતી. કોઈ ખુશીનો પ્રસંગ મનાવવો તો ઘણાં દૂરની વાત હતી પરંતુ તે દુઃખી મઝલૂમ પુત્રીએ પોતાના પિતાના અવસાન પછી એવી મુસીબતો ઉપાડી છે કે તેમણે દિવસને સંબોધીને કહ્યું છે કેઃ ''હે પ્રકાશિત દિવસ! મારા ઉપર જે મુસીબતોના પહાડો તોડવામાં આવ્યા તે જો તારા ઉપર તોડવામાં આવ્યાં હોત તો તું અંધકારમય રાતની જેમ પ્રકાશહીન થઈ જાત અને તારા ઉપર સંપૂર્ણપણે અંધકાર છવાઈ જાત!''

આપનું મહાન વ્યક્તિત્વ તમામ સદ્‌ગુણોનો ભંડાર હતો. રસૂલે ખુદા સ.અ.વ. પોતે આપને માન આપતાં હતાં. આપનું પવિત્ર જીવન આપણી કૌમની બાળકીઓ-માતાઓ-બહેનો અને પત્નિઓ માટે એક સર્વશ્રેષ્ઠ આદર્શ અને અનુકરણીય નમૂનો છે અને ''ફદક''ના પ્રકરણમાં આપે જે ભાગ ભજવ્યો છે તે આપણને બોધ આપે છે કે પોતાના અધિકારોની બાબતે અવાજ ઉઠાવવો જોઈએ.

તેથી આ માસમાં આપણે આપની મઝલૂમ શહાદતના પ્રસંગે મજલિસો અને માતમની વ્યવસ્થા કરીને અને આ માસમાં જ આપની વિલાદતના પ્રસંગે ખુશાલીની મહેફિલો યોજીને આપણી અહલેબૈત અ.સ. સાથેની મહોબ્બત પુરવાર કરવી જોઈએ.

આ અંક ''ઈમામ ખુમૈની રહ. વિશેષાંક'' તરીકે આપની સમક્ષ પેશ કરવામાં આવે છે. આ માસમાં જ શહઝાદીયે કાએનાત સલા.ની સંતતિમાંથી જ એક નેક અને સાલેહ વ્યક્તિની એટલે કે હઝરત ઈમામ ખુમૈની રહ.ની વિલાદત પણ આવે છે જેમણે અત્યાચારીની સામે અત્યાચાર પિડિતોના અધિકારોની પ્રેરણાં આપી હતી અને સ્વતંત્રતા અપાવી પણ ખરી.

મારા વહાલા બાળકો! નવા શૈક્ષણિક વરસનો પ્રારંભ થઈ રહ્યો છે. તમારે આ વરસે પણ પોતાની સંપૂર્ણ શક્તિઓ પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને વિદ્યા પ્રાપ્તિ પાછળ કામે લગાડી દેવાની છે. તમો અહલેબૈત અ.સ.ના વાસ્તાથી સંપૂર્ણ જોશ અને જુસ્સાથી નવા શૈક્ષણિક વરસનો પ્રારંભ કરજો. ઈન્શાઅલ્લાહ સફળતા તમારા પગ તળે હશે અને પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના સોપાન સર કરીને અને પોતાના કુટુંબીજનો અને કૌમનું નામ રોશન કરીને તમો તેમના માટે પ્રસન્નતા અને ગર્વનું કારણ બનજો.

**વસ્સલામ**

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**

સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**

સૈયદ મોહમ્મદ અફ્ઝર

સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**

અહમદ રેઝા ઝુરારહ

તાલીમ રેઝા અજમેરી

એહસાન અલી રિઝવી

**અનુવાદક :**

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઇ. એ. એસ (નિવૃત્ત)

**શુષોભન :**

Heb Grafix મોહમ્મદ તાહીર

9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**

સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદઃ** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કદાવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

**ખાસ નોંધ:** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત**

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

***PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865***

**વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/–**

# ઈમામ ખુમૈની (રહ.)ની
# દસ મહાન સિધ્ધિઓ

૧. આપે સાચા ઈસ્લામ ધર્મ અને અહલેબૈત અ.સ.ની વિચારસરણીને નવજીવન આપ્યું. (એટલે સાચો ઈસ્લામ ધર્મ શું છે અને અહલેબૈત સ.અ.ની વિચારધારા શું છે તે લોકોમાં સ્પષ્ટતાપૂર્વક પ્રચલિત - પ્રસારિત કર્યું.)

૨. ઈમામ ખુમૈની (રહ)એ મુસ્લિમોના સન્માનને પ્રસ્થાપિત કર્યો.

૩. આપે મુસ્લિમોને એક ઉમ્મત (ઉમ્મતે વાહેદા)ના ભાગ - અંશ હોવાની પ્રતિતી કરાવી.

૪. ઈમામ ખુમૈની (રહ)એ તે પ્રદેશ અને જગતના અત્યંત ભ્રષ્ટ શાસનનો ખાત્મો બોલાવી દીધો.

૫. ઈમામ ખુમૈની (રહ)એ ઈસ્લામના શિક્ષણને આધાર બનાવી ઈસ્લામના શાસનની સ્થાપના કરી.

૬. ઈમામ ખુમૈની (રહ)ની ચળવળે સમગ્ર જગતમાં ઈસ્લામી ચળવળોને જન્મ આપ્યો.

૭. ઈમામ ખુમૈની (રહ)એ શીઆ ફિક્હમાં નવી વિચારસરણી પ્રચલિત કરી અને નવા દ્રષ્ટિકોણ રજુ કર્યા.

૮. વ્યક્તિગત બાબતોમાં પ્રચલિત ખોટી માન્યતાઓને દૂર કરી.

૯. ઈરાનીઓમાં આત્મવિશ્વાસ અને સ્વાભિમાન જાગૃત કર્યું.

૧૦. ઈમામ ખુમૈની (રહ)એ પૂર્વ અને પશ્ચિમ બ્લોકસને સાથે જોડાવાની વિચારધારાને ખોટી સાબિત કરી દેખાડી.



પાછલા બે સૈકાઓમાં સામ્રજ્યવાદી મિશનરીઓનો એવો જ પ્રયાસ રહ્યો હતો કે ઈસ્લામ ધર્મ ભૂલાઈ જાય - ભૂંસાઈ જાય.

બ્રિટનના એક વડાપ્રધાને જગતના સામ્રાજ્યવાદી રાજકારણીઓના એક સમૂહને સંબોધતા ઘોષણાં કરી હતી કે ઈસ્લામને ઈસ્લામી દેશોમાં જ ખૂણામાં હડસેલી દેવામાં આવે. આ પહેલાં પણ અને તે પછી પણ આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે અઢળક ધન ખર્ચવામાં આવેલ છે કે પ્રથમ તબક્કામાં ઈસ્લામ લોકોના જીવનમાંથી સમાપ્ત થઈ જાય અને બીજા તબક્કામાં લોકોના મન અને વિચારો (સ્મૃતિ)માંથી પણ ઈસ્લામ લુપ્ત થઈ જાય. કેમકે સામ્રાજ્યવાદી શક્તિઓ એ હકીકતથી વાકેફ હતી કે મહાન શક્તિઓની લૂટમાર અને આવી સામ્રાજ્યવાદી શક્તિઓની પ્રભુત્વ મેળવવાની મહત્વકાંક્ષાઓના માર્ગમાં આ ધર્મ એક મોટી આડખીલી છે. આયતુલ્લાહ ખુમૈનીએ ઈસ્લામને પુનઃજીવિત કર્યો, તેમણે ઈસ્લામને લોકોના મન-વિચારસરણીમાં અને ચરિત્રમાં પ્રસ્થાપિત કરીને જગતના રાજકારણના મેદાનમાં ઉતાર્યો.

- ઈમામ ખુમૈની (રહ) એ મુસ્લિમોના સન્માન-આદરને પ્રસ્થાપિત કર્યો:-

ઈમામ ખુમૈની (રહ)ની ચળવળના પરિણામે સમગ્ર જગતના મુસલમાનોમાં આદર અને ગૌરવનો સંચાર થયો. ઈસ્લામ મર્યાદિત

# امام آمد



વાદ-વિવાદમાંથી નીકળીને વિધીવત રીતે જગતના સામાજિક અને રાજકારણીય મેદાનમાં આવી ગયો. ઈરાનની ઈસ્લામી ક્રાંતિ પહેલાં અનેક દેશોમાં મુસ્લિમો પોતાની મુસ્લિમ તરીકેની ઓળખ છતી કરવામાં ખચકાટ અનુભવતાં હતાં. તે દેશના સ્થાનિક રીત રિવાજો પ્રમાણે બધાં લોકો (મુસલમાનો) સ્થાનિક નામ રાખતાં હતાં. જો કે ઘરમાં તો મુસલમાનો પોતાના બાળકોને ઈસ્લામી નામથી બોલાવતાં પણ ઘરની બહાર ત્યાંના સ્થાનિક નામોથી સંબોધન કરવામાં આવતું હતું અને ઘરની બહાર ઈસ્લામી નામ જાહેર કરવાની હિંમત કોઈનામાં રહી નહોતી અને ઈસ્લામી નામ જાહેર ન થાય તેની તકેદારી રાખવામાં આવતી હતી પરંતુ ઈરાનની ઈસ્લામી ક્રાંતિની સફળતા પછી આપણાં ત્યાંના લોકો ગર્વથી પોતાનું ઈસ્લામી નામ જાહેર કરવા લાગ્યાં અને જ્યારે નામ પૂછવામાં આવે કે આપ કોણ છો? આપ શું છો? તો ગર્વ સાથે પોતાની ઈસ્લામી ઓળખ રજૂ કરવામાં આવે છે. આ રીતે ઈમામ ખુમૈની (રહ)એ પરાક્રમ કરી બતાવ્યું તેના પરિણામે સમગ્ર જગતના મુસલમાનોને ગર્વ અને આત્મસન્માનની પ્રતિતી થઈ અને મુસલમાન તથા ઈસ્લામના અનુયાયીઓ હોવાની બાબતે ગર્વ કરવા લાગ્યાં.

- આપે મુસલમાનોને એક ઉમ્મત (ઉમ્મતે વાહેદા)ના અંશ હોવાની પ્રતિતી કરાવીઃ-

આ પહેલાં મુસલમાનો જ્યાં પણ હતાં ત્યાં તેને માટે ‘‘ઉમ્મતે ઈસ્લામિયા’’ (મુસ્લિમ ઉમ્મત)નું કોઈ મહત્વ નહોતું. આજે જગતના સઘળા મુસલમાનો - સંપૂર્ણ એશિયામાં - સંપૂર્ણ આફ્રિકામાં - મધ્યપૂર્વથી લઈને યુરોપ સુધી અને યુરોપથી લઈને અમેરિકા અને લેટિન અમેરિકા સુધી એ હકીકતની પ્રતિતી કરી રહ્યાં છે કે તેઓ ‘‘ઉમ્મતે ઈસ્લામીયા’’ (મુસ્લિમ ઉમ્મત) નામના એક અત્યંત વિશાળ આંતરરાષ્ટ્રિય સમાજના અંશ છે. ઈમામ ખુમૈની (રહ)એ મુસલમાનોને આ બાબતે જાગૃત કર્યા જે આંતરરાષ્ટ્રિય સમાજવાદ વિરૂધ્ધ ઈસ્લામી સમાજના રક્ષણનું સૌથી મહાન-બળવાન સાધન છે.

- ઈમામ ખુમૈની (રહ) એ તે પ્રદેશ અને જગતના અત્યંત ભ્રષ્ટ અને અરાજક શાસનનો ખાત્મો બોલાવી દીધોઃ-

એટલે કે ઈરાનમાંથી શાહી શાસનનો અંત. શાહી શાસનનો ખાત્મો એ ઈમામ ખુમૈની (રહ)ની કેટલીક તદ્દન સ્પષ્ટ મહાન સિધ્ધીઓ પૈકી એક છે. ઈરાન પ્રદેશ અને મધ્યપૂર્વમાં સામ્રાજ્યવાદનો સૌથી મોટો અને મજબૂત ગઢ બની ગયો હતો. ઈમામ ખુમૈની (રહ)એ તેને નેસ્ત-નાબૂદ કરી દીધો. ઈમામ ખુમૈની (રહ)ના દ્રઢ સંકલ્પથી તે પરાસ્ત થઈ ગયો.



- **ઈમામ ખુમૈની (રહ)એ ઈસ્લામના શિક્ષણને આધાર બનાવી ઈસ્લામી શાસનની સ્થાપના કરીઃ-**

આ એક એવી બાબત છે કે જે બિન મુસ્લિમો જ નહીં પણ સ્વયં મુસ્લિમોએ વિચારી પણ નહોતી - કે ઈસ્લામ ધર્મના સિધ્ધાંતોને આધારે આજના જગતમાં ઈસ્લામી શાસનિક વ્યવસ્થા પણ શક્ય છે. આ એક સુંદર લોભામણું સપનું માત્ર હતું જે અંગે સીધા સાદા મુસ્લિમો કલ્પના પણ નહોતાં કરી શકતાં - ઈમામ ખુમૈની (રહ)એ આ કલ્પનાને હકીકતમાં પરિવર્તિત કરી દીધી.

- **ઈમામ ખુમૈની (રહ)ની ચળવળે સમગ્ર જગતમાં ઈસ્લામી ચળવળોને જન્મ આપ્યોઃ-**

ઈરાનની ઈસ્લામી ક્રાંતિથી પહેલાં ઈસ્લામી રાષ્ટ્રો સહિત સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સમૂહો - યુવાનો - અસંતુષ્ટ જુથો - સ્વાધીનતાપ્રિય અને અન્ય સમુહો ડાબેરી વિચારસરણીના આશ્રયે ચળવળ ચલાવતાં હતાં પરંતુ ઈરાનની ઈસ્લામી ક્રાંતિની સફળતા પછી સ્વાધીનતાની ચળવળનું કેન્દ્રબિન્દુ ઈસ્લામ બની ગયું. આજે ઈસ્લામી જગતના વિશાળ પ્રદેશોમાં જ્યારે પણ કોઈ સમૂહ સ્વાધીનતાની ચળવળ ચલાવે છે અને સામ્રાજયવાદની વિરૂધ્ધ અવાજ ઉઠાવે છે તો તેનું કેન્દ્રબિન્દુ ઈસ્લામ હોય છે અને ઈસ્લામના સિધ્ધાંતોને જ પોતાની ચળવળના કેન્દ્રમાં રાખે છે અને તેની વિચારધારા પણ ઈસ્લામી વિચારધારા હોય છે.




- ઈમામ ખુમૈની (રહ)એ શીઆ ફિક્હમાં નવી વિચારસરણી પ્રચલિત કરી, નવા દ્રષ્ટિકોણ રજુ કર્યાઃ-

  આપણાં ફિક્હ (ધર્મશાસ્ત્ર)નો પાયો ખૂબ જ મજબૂત હતો અને આજે પણ છે. શીઆ ફિક્હ સૌથી દ્રઢ ફિક્હ છે કે જે ખૂબ જ દ્રઢ સિધ્ધાંતો અને કાયદાઓ પર આધારિત છે. ઈમામ ખુમૈની (રહ) એ આ અત્યંત દ્રઢ, વૈશ્વિક અને શાસનિક ફિક્હને વધુ વિસ્તૃત કરીને નવા દ્રષ્ટિકોણથી રજુ કર્યો અને ફિક્હના અનેક પાસાઓનું સ્પષ્ટિકરણ કરીને સરળ બનાવી દીધાં જે પહેલાં આટલા સરળ નહોતા.

- વ્યક્તિગત બાબતોમાં પ્રચલિત ખોટી માન્યતાઓને દૂર કરીઃ-

  સમગ્ર જગતમાં એ હકીકત પ્રસ્થાપિત થએલી છે કે જે લોકો સમાજના ઉચ્ચ સ્થાનોએ બિરાજમાન હોય છે તેમની એક ખાસ રહેણીકરણી હોય છે; તેમાં કેટલાંક અંશે આડંબર અને ઘમંડ પણ હોય છે, એશ-આરામની જીવનશૈલી હોય છે. એવી જ રીતે તેમનો એક ચોક્કસ ઠાઠમાઠ હોય છે અને તેમની એક ચોક્કસ રીતભાત પણ હોય છે. આ યુગમાં ઉચ્ચ શાસકો માટે પ્રોટોકોલ (આચારસંહિતા) હોય છે અને તેઓ તેને પોતાના સરકારી જીવનનું એક અનિવાર્ય અંગ ગણે છે. આ બધી બાબતો જે જગતમાં સાર્વત્રિક રીતે સર્વસ્વીકૃત થઈ ગએલી છે કે ઉચ્ચ શાસકોનો જાણે આ જન્મસિધ્ધ અધિકાર છે. એટલે સુધી કે એ રાષ્ટ્રોમાં કે જ્યાં ક્રાંતિ વડે શાસન



પલટો થયો છે ત્યાં પણ ક્રાંતિકારી આગેવાનો કે જે ગઈકાલ સુધી તંબૂઓમાં અને શેતરંજીઓ ઉપર જીવન ગુજારતાં હતાં અને જેલની કોટડીઓ અથવા ગુપ્તવાસમાં રહેતાં હતાં, તેઓ પણ શાસનની ધૂરા સંભાળતાંની સાથે જ પોતાની રહેણીકરણી બદલી નાંખે છે અને એ રીત રસમો-ઠાઠમાઠ અને જીવનશૈલી અપનાવી લે છે કે જે તેમના પહેલાંના શાસકોની જીવનશૈલી હતી. એ જ જીવનશૈલી કે જે સમ્રાટો અને રાજા મહારાજાઓની જીવનશૈલી હતી. આપણે પોતાની સગી આંખે આ બધુ જોયું છે અને જનતા માટે આ કોઈ નવી વાત નથી અને આ બધુ સહજ રીતે સ્વીકારી લેવામાં આવેલ છે તેથી તે બાબતે કોઈ આશ્ચર્ય પણ વ્યક્ત નથી કરતું. ઈમામ ખુમૈની (રહ)એ આ સઘળી પ્રચલિત માન્યતાઓને ન કેવળ ખોટી પાડી બતાવી પણ તેનું ઉન્મુલન પણ કરી નાંખ્યું. તેમણે સાબિત કરી આપ્યું કે કોઈ પણ કૌમ અને ખાસ કરીને મુસલમાનોનો લોકપ્રિય આગેવાન સંત જેવું જીવન ગુજારી શકે છે, સાદગીપૂર્વક રહી શકે છે, ભવ્ય મહેલોને બદલે એક ઈમામવાડામાં પોતાના મુલાકાતીઓને મળી શકે છે, અમ્બિયા અ.સ.ની ભાષા - રીતભાત અને વસ્ત્રોમાં લોકોને મળી શકે છે. જો અધિકારીઓ અને શાસનિક હોદ્દેદારોના મન માઅરેફત (અલ્લાહની સાચી ઓળખ) અને હકીકત (સત્ય)ના પ્રકાશથી પ્રકાશિત હોય તો આ દેખાડો - આડંબર - ઠાઠમાઠ, ધન - દોલતના ધુમાડા - એશ

આરામભરી જીવનશૈલી - ઘમંડ અને આ પ્રકારની અન્ય બાબતો તેમની શાસનિક જીવનશૈલીનો અંશ નથી બની શકતી. ઈમામ ખુમૈની (રહ)ના ચમત્કારોમાંથી એક એ પણ છે કે તેઓ પોતાના વ્યક્તિગત જીવનમાં અને જ્યારે આપ દેશ અને કૌમના સર્વોચ્ચ પદે આરૂઢ હતાં ત્યારે પણ માઅરેફત અને હકીકતનો પ્રકાશ તેમના સંપૂર્ણ અસ્તિત્વમાં દ્રષ્ટિગોચર થતો હતો.

- ઈરાનીઓમાં આત્મવિશ્વાસ અને સ્વાભિમાન જાગૃત કર્યાઃ-

સૈકાઓના વ્યક્તિવાદી - સ્વછંદી અને અત્યાચારી શાસને ઈરાની કૌમને એક નિર્બળ કૌમ બનાવી દીધી હતી અને તે પણ એવી કૌમ કે જેમાં અસામાન્ય શક્તિઓ હોય! ઈસ્લામના કેન્દ્રિય શાસન પછીના યુગમાં સંપૂર્ણ ઈતિહાસમાં ઈરાની કૌમનો એક ભવ્ય ભૂતકાળ હતો. ક્યારેક અંગ્રેજો - ક્યારેક રશીયનો તેવી જ રીતે યુરોપીય શાસનો અને પછી અમેરિકનોએ રીતે બાહય શક્તિઓએ ઈરાનીઓને તિરસ્કૃત કર્યા અને ઈરાનીઓએ-એ પણ એ સ્વીકારી લીધું કે તેઓ મહાન કાર્યો કરવાની શક્તિ અને આવડત ધરાવતાં નથી, રાષ્ટ્રના ઘડતર અને પ્રગતિની દિશામાં કાંઈ કરવાની શક્તિ તેમનામાં નથી, કાંઈ નવું કરવાની અને નવનિર્માણની ત્રેવડ પણ તેમનામાં નથી અને તેથી બીજાઓ જ આવે, તેમના માટે કામ કરે - તેમના ઉપર શાસન કરે અને તેમની સાથે સફાઈપૂર્વક વર્તે તેવું જ તેઓ ઈચ્છતાં થઈ



ગયાં હતાં. આમ ઈરાનીઓથી તેમની રાષ્ટ્રિય ગૌરવની ભાવના ઝુંટવાઈ ગઈ હતી અને તેમના આત્મસન્માનનું ખૂન કરી નાંખવામાં આવ્યું હતું પરંતુ ઈમામ ખુમૈની (રહ) એ ઈરાનીઓમાં તેમના રાષ્ટ્રિય ગૌરવ અને આત્મસન્માનને પુનઃજીવિત કર્યા. કૌમમાં ફિરકાવાદ (ફિર્કાપરસ્તી) અને ઘમંડ નથી અને તેમનામાં આત્મસન્માન અને શક્તિની લાગણી જરૂર જોવા મળે છે. આજે ઈરાનીઓ પૂર્વ અને પશ્ચિમના સંયુક્ત કાવત્રાઓ અને પોતાની વિરૂધ્ધની કોઈ પણ પ્રકારની ઘમકીઓથી પ્રભાવિત થતાં નથી અને નિર્બળતા પણ દેખાડતા નથી. ઈરાનના યુવાનોને એ હકીકતની પ્રતિતી થઈ ગઈ છે કે પોતાના રાષ્ટ્રના ઘડતર અને પ્રગતિમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવવા માટે સબળ અને સક્ષમ છે. લોકોને પણ પોતાની શક્તિમાં વિશ્વાસ છે કે તેઓ પૂર્વ અને પશ્ચિમની ઘમકીઓનો જુસ્સાપૂર્વક સામનો કરી શકે તેમ છે. આત્મસન્માનની આ લાગણી, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રિય ગૌરવની આ ભાવના થકી ઈમામ ખુમૈની (રહ) એ ઈરાની કૌમને પુનઃજીવિત કરી દીધી છે.








- ઈમામ ખુમૈની (રહ) એ પૂર્વ અને પશ્ચિમ બ્લોકસ સાથે જોડાવાની વિચારધારાને ખોટી સાબિત કરી દેખાડી છેઃ-

  આપે સાબિત કરી આપ્યું છે કે પૂર્વ અને પશ્ચિમના બ્લોકસથી અંતર રાખવાની નીતિને અમલમાં મૂકી શકાય તેમ છે.

જગતના લોકો એવું સમજી રહ્યાં હતાં કે આપને પૂર્વના બ્લોક સાથે જોડાઈ જવું પડશે અથવા પશ્ચિમના બ્લોકમાં સામેલ થવું પડશે, એ શક્તિના ટુકડા ખાવા પડશે અને તેમની ચાપલૂસી અને પ્રશંસા કરવી પડશે અને તે શક્તિના ગુણગાન ગાવા પડશે અને તેમની દરેક વાત સ્વીકારવી પડશે. લોકો એ સમજી શકે તેમ નહોતાં કે કોઈ પણ રાષ્ટ્ર પૂર્વ અને પશ્ચિમ બંનેથી કેવી રીતે અલગ રાખી શકે! અને બંને પ્રત્યે પોતાનો અણગમો કેવી રીતે વ્યક્ત કરી શકે! અને પછી પોતાના પગ ઉપર ઉભો પણ રહે! એ કેવી રીતે શક્ય બને કે તે બંને પૈકી કોઈ પણ બ્લોક સાથે જોડાઈ ન જાય અને કોઈની સાથે જોડાણ કર્યા વગર પણ જગતમાં પોતાના નામનો ડંકો વગાડી શકે?! પરંતુ ઈમામ ખુમૈની (રહ) એ આ પરાક્રમ કરી દેખાડ્યું અને એ વાતને સાબિત કરી દીધી કે પૂર્વ અને પશ્ચિમની શક્તિઓ ઉપર આધાર રાખ્યા વગર પણ જીવિત રહી શકાય છે અને આત્મસન્માન અને રાષ્ટ્રિય ગૌરવ સાથે જીવન વ્યતિત થઈ શકે છે.



# દીકરી-અલ્લાહની દયા-કૃપા

ઈસ્લામ ધર્મમાં જયાં અનેક અધિકારો સબંધિત આજ્ઞાઓ છે તેમાં સંતાનો સબંધિત પણ ઘણી બાબતોનો ઉલ્લેખ છે. ઈસ્લામમાં પોતાના સંતાનોના યોગ્ય શિક્ષણ - પ્રશિક્ષણની સાથે તેના મહત્વને પણ સમજાવવામાં આવેલ છે જેથી કરીને લોકો સ્વેચ્છાએ અને લાગણીપૂર્વક સમાજને સદાચારી અને પવિત્ર બનાવવામાં મદદરૂપ થાય. ખાસ કરીને દીકરીઓ સબંધેની સઘળી ખોટી વિચારસરણીઓ, ખોટા રિવાજો અને ખોટા દ્રષ્ટિકોણને નકારીને “દીકરી તો અલ્લાહની દયા-કૃપા છે”ની ઘોષણાં કરીને દીકરીઓના માન-મરતબા અને મહત્વને અનેક ઘણું વધારી દીધું છે.

# રહમતે ઈલાહી

ઈસ્લામના આગમન પહેલાં દીકરીઓ માટે પરિસ્થિતિ અત્યંત વિષમ હતી. કુરઆને મજીદમાં પણ તે પરિસ્થિતિનું વર્ણન  છે. સૂરએ નહલની આયત ૫૮-૫૯માં છે કેઃ

“જ્યારે તેઓમાંથી કોઈને પુત્રીના જન્મના શુભ સમાચાર આપવામાં આવે છે ત્યારે દુઃખને કારણે તેનો ચહેરો શ્યામ થઈ જાય છે. (૫૮) અને લોકોથી સંતાતો ફરે છે કે આ ભૂંડા સમાચાર પછી તે કોઈને શું મોઢું દેખાડી શકશે અને વિચારે છે કે આ નામોશી સાથે દીકરી બાકી રહેવા દેવી કે (જીવતી જ) માટીમાં દાટી દેવી. જુઓ તો ખરાં! કેવી ખોટી આજ્ઞાને તેઓ અલ્લાહની આજ્ઞા સાથે સાંકળી લે છે. (૫૯)”

આવી પરિસ્થિતિઓ અને વાતાવરણમાં ઈસ્લામે ફરમાવ્યું છે કેઃ “દીકરી સદ્કાર્ય અને દીકરો (અલ્લાહની) નેઅમત છે. સદ્કાર્યનો અલ્લાહ બદલો આપે છે અને નેઅમતનો તો હિસાબ લેવામાં આવશે.” (ઈમામ સાદિક અ.સ.)

# જનાબ લુકમાનની શિખામણો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## છ મોતી

હે મારા પુત્ર! હું તમને છ શિખામણ આપું છું જેના ઉપર અમલ કરીને તમો ખુદાની પ્રસન્નતા મેળવી શકશો અને તેની અપ્રસન્નતા (ક્રોધ)થી દૂર રહી શકશો.

૧. ફકત એક અલ્લાહની જ ઈબાદત કરો. કોઈને તેનો સમોવડિયો કે તેનો સાથી ગણશો નહીં.

૨. પોતાના ગમા-અણગમાની બાબતે અલ્લાહની ઈચ્છાને તાબે રહો.

૩. કોઈની સાથેની મિત્રતા અલ્લાહને કાજે રાખજો, તેવી જ રીતે કોઈની સાથેની શત્રુતા પણ અલ્લાહની મરજી પ્રમાણે જ રાખજો.

૪. પોતાના ગમા-અણગમામાં લોકોનો પણ (લોકોના ગમા-અણગમાનો પણ) ખ્યાલ રાખજો.

૫. જો કોઈ તમારી સાથે દુર્વ્યવહાર કરે તો તમે ધૈર્ય રાખીને તેની સાથે સદ્વ્યવહાર કરજો.

૬. ભૂંડી વાતો - વસ્તુઓથી દૂર રહેજો અને ભૂંડા અને નીચ કાર્યોથી સ્વયંને અળગા રાખજો.

(બિહારૂલ અનવાર, ભા ૭૮, પા ૪૫૭, હ ૨૬)

## જવાબદારીઓ

હે વત્સ! તમને પર્વતોને ઉખાડી ફેંકવા માટે મજબૂર કરવામાં આવ્યાં નથી અને થકવી દેનાર કોઈ જવાબદારી પણ તમારા માથે નાંખવામાં આવી નથી તેથી પોતે જ મુશ્કેલીઓ વહોરી લેશો નહીં અને તેમ કરીને પોતાની જાતને વ્યથા પહોંચાડશો નહીં. (એટલે કે મનુષ્યે પોતાની વાજિબ - ફરજિયાત જવાબદારીઓ જ નિભાવવી જોઈએ તે સિવાયને અર્થહીન અને નકકામા કાર્યો કરીને પોતે જ પોતાની જાતને મુશ્કેલીઓમાં નાંખવી જોઈએ નહીં.)

(બિહારૂલ અનવાર, ભા ૧૩, પા ૪૨૮, હ ૨૩)

## કયામતના દિવસે ઉઠાડવામાં આવશે

હે મારા પુત્ર! જો તમને મૃત્યુની બીક હોય તો નિંદ્રાથી દૂર રહેજો - પરંતુ તમે આવું નહીં કરી શકો અને તેવી જ રીતે જો કયામતના વિશે શંકા હોય તો પોતાના મનને જાગૃત થવાથી રોકી દેજો. (એટલે કે મનને નિંદ્રામાં રાખો, કદી જાગૃત થવા દેશો નહીં) અને આ પણ તમારા માટે શક્ય નથી તેથી આ બાબતે ચિંતન કરશો તો તમે જાણી લેશો કે તમારા પ્રાણ તમારા કાબૂમાં નથી એટલે કે તમારી નિંદ્રા મૃત્યુ સમાન છે અને સૂઈ ગયા પછી જાગવું તે મૃત્યુ પછી કયામતમાં ઉઠાડવા સમાન છે.

(બિહારૂલ અનવાર, ભા ૧૩, પા ૪૧૭, હ ૧૧)

# કુરઆનમાં કેટલાંક પ્રાણીઓનો ઉલ્લેખ

કુરઆનમાં કેટલાંક પ્રાણીઓ - પક્ષીઓ અને જીવજંતુઓનો પણ ઉલ્લેખ છે. આ પ્રાણીઓ પાસેથી કેટલાંક મહત્વના કાર્યો લેવામાં આવ્યાં હોવાના પ્રસંગો છે અને તેમણે અનેક ઐતિહાસિક કાર્યો (પરાક્રમો) કર્યાં છે. અત્રે તે પૈકી કેટલાંકનું વર્ણન કરીએ છીએ કે આપણે મનુષ્યો પણ તેમના પરાક્રમોમાંથી બોધપાઠ લઈએ:

**કાગડો:** કાગડો પણ મનુષ્યો માટે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ ગુરૂ અને શિક્ષક બન્યો છે. જ્યારે કાબીલે હાબીલને મારી નાંખ્યાં ત્યારે કાબીલને મડદાને દાટવાનું જ્ઞાન નહોતું (મડદાને દાટી દઈને સંતાડી દઈ શકાય છે તેવું તે જાણતો નહોતો. ત્યારે અલ્લાહે એક કાગડાને મોકલ્યો, તેણે બીજા કાગડાને મારી નાંખ્યો અને તેને જમીન ખોદીને દાટી દીધો. કુરઆનમાં આ પ્રસંગનું વર્ણન છે.

(સૂરએ માએદહ, આયત ૩૧)







**હુદહુદઃ** હુદહુદ નામના પક્ષીનો ઉલ્લેખ પણ કુરઆનમાં છે જે હઝરત સુલૈમાન અ.સ.ના શાસનમાં જાસૂસી અને સમાચારો લાવવાનું કાર્ય કરતો હતો અને બિલ્કીસ નામની એક મહારાણીને જનાબ સુલૈમાન અ.સ.નો પત્ર તેણે જ પહોંચાડયો હતો જેનું કુરઆનમાં વર્ણન છે. (સૂરએ નમ્લ, આયત ૨૮)



**કરોળિયોઃ** કરોળિયા વડે પરવરદિગારે આલમે આપણાં વહાલા નબી સ.અ.વ.ની હિજરતના પ્રસંગે 'સૌર' નામની ગુફાના દ્વાર પર જાળો બનાવી મદદ કરી હતી અને તે કાર્યને પોતાની સાથે જોડીને કરોળિયાનો દરજ્જો ઉચ્ચ કરી દીધો.





કુરઆનમાં ફરમાવ્યું છે કેઃ "જો તમો રસૂલ સ.અ.વ.ની મદદ નહીં કરો તો જાણી લો કે અલ્લાહે જ્યારે કાફરોએ તેમને કાઢી મૂક્યાં હતાં..... અને એવી સેના વડે તેમની મદદ કરી જે તમને દેખાતી નહોતી અને નાસ્તિકો (કાફરો)ની હેકડી તેણે હેઠે પાડી અને બોલબાલા તો અલ્લાહની જ રહેવાની છે."(સૂરએ તૌબા, આયત ૪૦)



# ابابیل

**અબાબીલઃ** (ચકલી જેવું એક નાનું પક્ષી) પક્ષીઓ થકી ખુદાવન્દે આલમે પોતાના ઘર ખાનએ કાઅબાનું રક્ષણ કરાવ્યું છે. સૂરએ ફીલ - જે સૂરો પોતે ‘હાથી’ નામના પ્રાણીના નામથી છે, તેમાં આ પ્રસંગનું વર્ણન છે કે જ્યારે હાથીઓ ઉપર સવાર અબ્રહાનું લશ્કર આક્રમણ કરવા પહોંચ્યું ત્યારે અલ્લાહે કેટલાંક પક્ષીઓ (અબાબીલ નામના પક્ષીઓ)ને મોકલ્યાં કે જે તેમની ચાંચ અને પંજામાં કાંકરીઓ લઈને આવ્યાં હતાં. તે પક્ષીઓએ પોતાની કાંકરીઓ હાથીઓના લશ્કર ઉપર ફેંકી અને તે કાંકરીઓ મારવાથી હાથીઓનું લશ્કર ચાવી નાંખેલા ભૂસા જેવું બની ગયું. (સૂરએ ફીલ)

**કીડી:** કુરઆનમાં જનાબ સુલૈમાન અ.સ.ના લશ્કરના એક મૈદાનમાંથી પસાર થવાના પ્રસંગનું વર્ણન છે તેમાં એવો ઉલ્લેખ છે કે તે લશ્કરના પગ તળે ચગદાઈ જવાથી બચવા માટે એક કીડીએ બીજી કીડીઓને કહ્યું કેઃ "હે કીડીઓ! તમે તમારા દરોમાં ઘુસી જાવ. ક્યાંક એવું ન થાય કે સુલૈમાન અને તેમનું લશ્કર તમને કચડી નાંખે અને તેની તેમને જાણ પણ ન થાય." (સૂરએ નમ્લ, આયત ૧૮)






**અજગરઃ** કે જે જનાબ મૂસા અ.સ.ની લાકડી (ડાંગ)થી બન્યો હતો અને જે જાદુગરો સાથેના મુકાબલામાં જનાબ મૂસા અ.સ. માટે સફળતા અને ફિરઔનના દરબારમાં જાદુગરોના એક ખુદા ઉપર ઈમાન લાવવાનું કારણ બન્યો હતો. કુરઆનમાં આ પ્રસંગનું પણ વર્ણન છે. (સૂરએ અઅરાફ, આયત ૧૦૮ - ૧૨૦)






**માછલીઃ** જનાબ યુનુસ અ.સ.ના વર્ણનમાં આનો ઉલ્લેખ છે કે જે જનાબ યુનુસ માટે ખુદાની યાદનું કારણ બની હતી. (સૂરએ સાફ્ફાત, આયત ૧૪૨)

**ઉધઈઃ** ઉધઈનો ઉલ્લેખ જનાબ સુલૈમાન અ.સ.ના વર્ણનના સંદર્ભમાં થએલો છે. જનાબ સુલૈમાન અ.સ.ની વફાત તેઓ ઉભા હતાં તે સ્થિતિમાં થઈ ગઈ હતી. તે વખતે આપ પોતાની લાઠીના ટેકે ઉભા હતા. તેથી કોઈને ખબર પડી નહી પરંતુ જ્યારે ઉધઈએ તે લાઠીને કોતરી ખાધી અને તે લાઠી પડી ભાંગી ત્યારે જનાબ સુલૈમાન અ.સ.ના મૃત્યુનું રહસ્ય જાહેર થઈ ગયું. (સૂરએ સબા, આયત ૧૪)



**કૂતરોઃ** અસ્હાબે કહેફના પ્રસંગના વર્ણનમાં તેમના સાથી કૂતરાનો પણ ઉલ્લેખ છે જે ચોકીદારી કરતો હતો. (સૂરએ કહેફ, આયત ૧૮)



**ગધેડોઃ** ગધેડો જનાબ ઉઝૈર અ.સ. માટે મૃત્યુ પછી કયામતમાં ફરી પુનઃજીવનની વાત ઉપર શ્રધ્ધાનું કારણ બન્યો હતો. જેનું વર્ણન પણ કુરઆનમાં છે કે જ્યારે જનાબ ઉઝૈર અ.સ. પોતાના ગધેડા સાથે એક વસાહતમાંથી પસાર થતાં હતાં કે જે ઉજ્જડ થઈ ગઈ હતી ત્યારે તેમણે અલ્લાહને સવાલ કર્યોઃ "હે અલ્લાહ! તું આ લોકોને કેવી રીતે સજીવન કરીશ?" તેથી અલ્લાહે તેમને મૃત્યુ આપ્યું અને ૧૦૦ વરસ પછી ફરી સજીવ કર્યાં, પછી પૂછ્યું કે મને એ જણાવો કે તમે કેટલો વખત મૃત્યાવસ્થામાં રહ્યાં? તેમણે કહ્યું કે એક દિવસ અથવા તેનાથી પણ ઓછું. અલ્લાહે ફરમાવ્યુંઃ ના, પરંતુ તમે પૂરા ૧૦૦ વરસ સુધી મૃત્યુવસ્થામાં રહ્યાં છો. હવે તમારા પાણી અને ખોરાકને જુઓ જે સડી ગયું નથી અને પોતાના ગધેડાને પણ જુઓ અને અમે આવું એટલા માટે કર્યું કે અમે (ઈચ્છીએ છીએ કે) તમને લોકો માટે નિશાની બનાવીએ અને હવે તે (ગધેડા)ના હાડકાને જુઓ કે અમે તેમને કેવી રીતે ઉપાડીએ છીએ (પાછા જોડી દઈએ છીએ) અને પછી (કેવી રીતે) તેના ઉપર માંસ ચઢાવીએ છીએ. (સૂરએ બકરહ, આયત ૨૫૯)



આ સિવાય પણ અનેક પ્રાણીઓ સબંધિત ઉલ્લેખો કુરઆન મજીદમાં છે.

# આપણાં નબી સ.અ.વ. ના

# સદ્ચારિત્રના દ્રષ્ટાંતો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## મારૂં પ્રશિક્ષણ ખુદાએ કર્યું છે:-

મકારેમુલ-અખ્લાકમાં આપ હઝરત સ.અ.વ.ની રિવાયત છે કે મારૂં પ્રશિક્ષણ ખુદાએ કર્યું છે અને હઝરત અલી અ.સ. નું પ્રશિક્ષણ મેં કર્યું છે. ખુદાએ મને ક્ષમા-બખ્શિસ અને સદ્કાર્યો (નેકી)ની આજ્ઞા કરી છે અને કંજુસાઇ અને અત્યાચારથી મને રોક્યો છે. (મકારેમુલ-અખ્લાક, પા ૧૭)

## અમ્બિયા અ.સ.ના ચાર ગુણો:-

તોહફુલ ઉકૂલ નામના પુસ્તકમાં હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી રિવાયત છે કે:

અમ્બિયા અ.સ.માં ચાર ગુણો હોય છે:

૧. નેકી (સદ્ચારિત્ર)

૨. બખ્શિસ (દાન અને ક્ષમા વૃત્તિ)

૩. મુશ્કેલ પરિસ્થિતિઓમાં ધૈર્ય

૪. મોઅમેનીનના અધિકારો માટે લડત

(તોહફુલ ઉકૂલ, પા ૩૭૫)

## છ અણગમતી ટેવો:-

અમાલીયે સદૂક (રહ.)માં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કે:

ખુદાએ મારા માટે છ ટેવો (બાબતો) પસંદ નથી કરી અને હું પણ મારા પ્રતિનિધીઓ અને અનુયાયીઓ માટે (આ છ ટેવો) પસંદ નથી કરતો:

૧. નમાઝના સમયે (નમાઝમાં) ખેલ-કૂદ.

૨. રોઝા દરમ્યાન ખરાબ વાતો કરવી.

૩. સદકો આપીને ઉપકાર દેખાડવો.

૪. અપવિત્ર હાલતમાં (અપવિત્ર થયા પછી ગુસ્લ કરીને પવિત્ર થયા વગર) મસ્જિદમાં દાખલ થવું.

૫. લોકોના ઘરની ખાનગી બાબતો અંગે ખણખોદ કરવી.

૬. કબ્રસ્તાનમાં હસી-મજાક કરવી.

(અમાલીયે સદૂક, પા ૬૦)

(સુનનુન્નબી સ.અ.વ. નામના પુસ્તકમાંથી ચૂંટી કાઢેલું)



# ખાદ્યપદાર્થો અને તેના ગુણધર્મ

## કોળું (કદ્દૂ)

નબી સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

❖ કોળું ખાવાથી બુદ્ધિ સતેજ અને યાદશક્તિમાં વૃદ્ધિ થાય છે.

(બીહારૂલ અનવાર, ભા ૬૩, પા ૨૨૯, હ ૧૮)



# દ્રાક્ષ (કિશમિશ)

નબી સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ

દ્રાક્ષ ખાઓ - એટલા માટે કેઃ

- તે પિત્તશામક છે.
- સળેખમ મટાડે છે.
- હાડકાને મજબૂત કરે છે.
- થાક દૂર કરે છે.
- મનને શાંતિ આપે છે.
- મનના દુઃખને દૂર કરે છે.
- ચરિત્ર અને ટેવોને સારી બનાવે છે.

(ખેસાલ, પાન નં ૩૪૪)





# કુરઆને મજીદમાં નવયુવાનો માટેની કેટલીક શિખામણો



કુરઆને મજીદમાં નવયુવાનો માટે અનેક શિખામણો અને બોધપાઠ છે. તે પૈકી કેટલુંક આપની જાણ માટે નીચે આપવામાં આવે છેઃ

સદાચારી યુવાનીઃ-

જેમની યુવાનીના પ્રસંગો કુરઆને મજીદમાં અત્યંત વિશિષ્ટ રીતે વર્ણવવામાં આવ્યાં છે તે જનાબ યુસુફ અ.સ. ને તેમની યુવાવસ્થામાં ઝુલેખા નામની સ્ત્રી ગુનાહ પ્રત્યે સતત આકર્ષિત કરી રહી હતી ત્યારે આપે યુવાનીની મજા લુટવાને બદલે જેલમાં જવાનું સ્વીકાર્યું હતું.

આ બાબત એક સદાચારી યુવાન માટે ઘણી મહત્વની ગણાય તેથી જ ખુદાવન્દે આલમે જનાબ યુસુફ અ.સ.ની એ વાત કે જે તેમણે ગુનાહથી સુરક્ષિત થઈ ગયાં ત્યારે ફરમાવી હતી તેનું વર્ણન કર્યું છે.

કુરઆનમાં છે કે જનાબ યુસુફ અ.સ. એ ત્યારે એવું કહ્યું હતું કેઃ

"હે મારા પરવરદિગાર! જે કૃત્ય માટે મને બોલાવવામાં આવે છે તેના કરતાં તો જેલ મને વધુ પ્રિય છે." (યુસુફ ૩૩)

આમ એક સદાચારી યુવાને દરેક કાર્યમાં અલ્લાહની આજ્ઞાને અનુસરવું જોઈએ.

યુવાનીમાં બોધપાઠઃ-

વ્યક્તિના જીવનમાં યુવાની એ અવસ્થા છે કે જ્યાં બોધપાઠ ગ્રહણ કરવાની તાતી જરૂરિયાત હોય છે. તેથી જ કુરઆનમાં જનાબ લુકમાને પોતાના પુત્રને જે શિખામણો આપી હતી તેનું વર્ણન છે કેઃ

"તે સમયને યાદ કરો જ્યારે લુકમાને પોતાના પુત્રને બોધપાઠ આપતાં કહ્યું હતું કે હે મારા પુત્ર! કોઈને પણ અલ્લાહનો સાથી કે સમોવડિયો (શરીક) બનાવજે નહીં કે આ એક સૌથી મોટો ગુનાહ છે." (લુકમાન ૧૩)



**યુવાનો સાથે સલાહ - યુવાનોની બલિદાનની ભાવનાઃ-**

કુરઆનમાં યુવાનો સાથે સલાહ મશ્વરો કરવાની બાબતને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે અને યુવાનો બલીદાન આપવા પણ તત્પર રહેતાં હોય છે.

દાખલા તરીકે કુરઆનમાં જનાબ ઈબ્રાહીમ અ.સ.ના જનાબ ઈસ્માઈલ અ.સ. સાથે સલાહ-મશ્વરાના પ્રસંગનું વર્ણન છે કે જનાબ ઈબ્રાહીમ અ.સ. કહે છે કેઃ

હે પુત્ર! મેં સ્વપ્નમાં એવું જોયું છે કે હું તને (અલ્લાહના નામ પર) કુરબાન કરી રહ્યો છું . તમે આ બાબતે શું વિચારો છો? (તમારી સલાહ શું છે?)

(તેણે) અરજ કરીઃ હે મારા પિતા! અલ્લાહે આપને મારી બાબતે જે આજ્ઞા આપી છે તે પૂર્ણ કરો. આલ્લાહે ઈચ્છયું તો આપ મને ધૈર્ય કરનારાઓ માંહેનો જોશો. (સાફ્ફાત ૧૦૨)

## યુવાવસ્થામાં ઈમાનનું રક્ષણઃ-



યુવાવસ્થામાં ઈમાનનું રક્ષણ કરવું (દરેક કાર્યમાં ખુદાની આજ્ઞા પ્રમાણે જ ચાલવું) તે યુવાનો માટે સહેલું હોતું નથી પરંતુ જે યુવાનો પોતાની યુવાવસ્થામાં પણ પોતાના ઈમાનને દ્રઢપણે વળગી રહે છે તેઓ કુરઆનની દ્રષ્ટિએ મહાન આદર્શ બની જાય છે અને ખુદા એવા યુવાનોની અચૂક મદદ કરે છે. દાખલા તરીકે અસ્હાબે કહેફ વિશે એવું વર્ણન છે કેઃ

“તે સમયને યાદ કરો, તે યુવાનોએ ગુફામાં આશ્રય લીધો હતો અને પછી તેમણે યાચના કરી અને શ્રધ્ધા વ્યક્ત કરી કે અમારો પરવરદિગાર પોતાની દયા-કૃપા અમને અર્પણ કરશે અને અમારી મુક્તિનો માર્ગ અમારા માટે પ્રશસ્ત કરશે..... તેઓ એવા યુવાનો હતાં કે જેમને પોતાના પરવરદિગાર ઉપર સંપૂર્ણ શ્રધ્ધા (ઈમાન) હતી અને અમે (પણ) તેમની હિદાયતમાં વૃધ્ધિ કરતાં ગયાં.” (કહેફ ૧૦-૧૩)

صلّى الله عليكم يا اهل بيت النّبوّة

# અહલેબૈત અ.સ. સાથેનો પ્રેમભાવ

પ્રેમભાવ અને મિત્રતામાં તાજા કરી દેવાના જે ગુણો હોય છે તેને કારણે મનુષ્ય માટે એ જરૂરી છે કે પોતાના પ્રેમભાવ અને મિત્રતાને યોગ્ય દિશા આપે અને તેને સર્વશ્રેષ્ઠ ધ્યેયની દિશામાં પ્રેરિત કરે તે કારણે જ પયગમ્બરે અકરમ સ.અ.વ. એ મનુષ્યોને પોતાના અહલેબૈત અ.સ. પ્રત્યેના પ્રેમભાવની તાકીદ કરી છે જેથી કરીને મનુષ્યને અનિષ્ટોથી દૂર રાખી શકાય અને તેમાં સદ્‌ગુણોનું સિંચન થાય જેથી કરીને મનુષ્યને અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત થાય.

એક રિવાયતમાં છે કે પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ "દરેક વસ્તુનો એક સરદાર હોય છે અને મારી અને અલી (અ.સ.)ની મહોબ્બત એ વસ્તુઓની સરદાર છે કે જેના વડે અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત કરનારાઓને અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત થાય છે કે જે અલ્લાહની આજ્ઞાંકિતતા છે."

આ રિવાયત ઉપરથી એ હકીકત સિધ્ધ થાય છે કે નબીએ અકરમ સ.અ.વ.ના કુટુંબીજનો (ખાનદાને નબુવ્વત)

પ્રત્યેનો પ્રેમ ખુદાની આજ્ઞાઓનું પાલન અને અલ્લાહના સામિપ્યને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. (બિહારૂલ અનવાર, ભા ૨૭, પા ૧૨૧)

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ એક બીજી રિવાયતમાં ફરમાવ્યું છે કેઃ "હઝરત અલી અ.સ. પ્રત્યેનો પ્રેમ ગુનાહોને એવી રીતે બાળીને રાખ કરી દે છે કે જેવી રીતે આગ લાકડીને બાળી નાંખે છે." આ કારણે જ મૌલાએ કાએનાત હઝરત અલી અ.સ. પ્રત્યેનો પ્રેમ ગુનાહોના અસ્તિત્વને જ બાળી નાંખે છે અને આપની મિત્રતા ગુનાહોના પર્વતને રજકણમાં પરિવર્તિત કરી દે છે અને ગુનાહોને મનુષ્યમાંથી દૂર કરીને નષ્ટ કરી દે છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ. પ્રત્યેનો પ્રેમભાવ ન કેવળ પાછળા ગુનાહોની અસરને ભૂંસી નાંખે છે પરંતુ એક લોખંડી દીવાલની જેમ મનુષ્યને ગુનાહ કરતાં અટકાવે પણ છે. આમ મુહમ્મદ અને આલે મુહમ્મદ અ.સ. સાથે પ્રેમ રાખીને આપણે પોતાને ગુનાહોથી સુરક્ષિત પણ રાખી શકીએ છીએ.

રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ "જાણી લો! જે વ્યક્તિ અલી અ.સ. પ્રત્યે પ્રેમભાવ રાખશે તે આબે કૌસર પી ન લે - તૂબામાંથી (કાંઈ) ખાઈ ન લે અને જન્નતમાં પોતાનું સ્થાન જોઈ ન લે ત્યાં સુધી આ જગતમાંથી જશે નહીં."

એક રિવાયતમાં હઝરત ઈમામ રિઝા અ.સ. પોતાના વડીલોથી અને તેઓ રસૂલે અકરમ સ.અ.વ.થી રિવાયત કરે છે કેઃ "અમો અહલેબૈત (અ.સ.) પ્રત્યેનો પ્રેમ ગુનાહોનું પ્રાયશ્ચિત છે અને સદ્કાર્યો (નેકીઓ)ને અનેક ગણી વધારે કરી દે છે." (બિહારૂલ અનવાર, ભા ૬૮, પા ૧૦૦; અમાલીયે શૈખ તૂસી, ભા ૧, પા ૧૬૬)

આપણે ખુદાથી એવી જ યાચના કરવી જોઈએ કે આપણાં જીવનની અંતિમ ક્ષણો સુધી અહલેબૈત અ.સ. પ્રત્યેનો પ્રેમ આપણાં અંતરમનમાં બાકી રહે અને અંતિમ ક્ષણોમાં આપણે તેઓએ જે દયા-કૃપાનો વાયદો કર્યો છે તેને પોતાની સમક્ષ જોઈ પણ લઈએ.




# અંતિમ યુગની નિશાનીઓ

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

લોકો માટે એક એવો પણ યુગ આવશે કે જો તમો કોઈ વ્યક્તિ વિશે (તેની ધાર્મિક વૃત્તિ માટે) વખાણ સાંભળો તો તમારા માટે વધુ સારૂં એ છે કે (તેને માની લેતાં પહેલાં) તે વ્યક્તિને તમે પારખો અને જ્યારે તમો તેને પારખશો તો તમે જાણી લેશો કે:-

લોકોનો ધર્મ ફક્ત તેમની ધન-દોલત છે.

તેમનો ધ્યેય ફક્ત પોતાનું પેટ ભરવું તે છે.

તેમનો કિબ્લો ફક્ત તેમની સ્ત્રીઓ (પત્નિઓ) છે.

તેઓ રોટલીના ટુકડાઓ માટે જ નમાઝ પઢતાં હશે.

પૈસા માટે નમાઝ પઢતાં હશે.

તેઓ વ્યથિત અને ભટકવાવાળા હશે.

ખરેખર તો તે લોકો ન તો મુસલમાન હશે કે ન તો ખ્રિસ્તીઓ હશે.

(બિહારૂલ અનવાર, ભા ૭૧, પા ૧૬૬)

# ક્યામત પાસે હોવાની નિશાનીઓ




પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:-

જ્યારે ક્યામત પાસે હશે ત્યારે:

કાર્યો મુશ્કેલ થઈ જશે.

ભયાનક ભયનું વાતાવરણ સર્જાઈ જશે.

પરિસ્થિતિ મુશ્કેલ અને દુષ્કર બની જશે.

શાસનની ધૂરા અત્યાચારી લોકોના હાથમાં હશે.

દુરાચારી લોકો અગત્યના હોદ્દાઓ ઉપર કબ્જો જમાવી લેશે.

“અમ્રબિલ-માઅરૂફ” (લોકોને સદાચારની પ્રેરણા) અને “નહી અનિલ-મુન્કર” (લોકોને દુરાચાર કરવાથી રોકવા)વાળા લોકો ઓછા થઈ જશે અને જે હશે તેમને કોઈ સાંભળશે નહીં અને તેમને તકલીફ પહોંચાડવામાં આવશે તેથી આવી પરિસ્થિતિમાં પોતાના ઈમાનની રક્ષા થાય તેની કાળજી રાખવી અને નેક ચારિત્રના રક્ષણમાં રહેવું.

(બિહારૂલ અનવાર, ભા ૭૪, પા ૧૮૬)

# સૌથી પ્રથમ પયગમ્બરો

નબીએ અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ-

"હઝરત આદમ અ.સ. સૌથી પ્રથમ પયગમ્બર હતાં અને સૌથી છેલ્લા પયગમ્બર મુહમ્મદ સ.અ.વ. અને બની ઈસ્રાઈલમાં સૌથી પહેલા નબી જનાબ મૂસા અ.સ. અને સૌથી છેલ્લા જનાબ ઈસા અ.સ. હતાં. જે નબીએ સૌથી પ્રથમ કલમ વડે લખ્યું તે જનાબ ઈદ્રીસ અ.સ. હતાં."

(કન્ઝુલ ઉમ્માલ, ભા ૧૧, હ ૩૨૨૬૯)

# દીનને સૌથી પ્રથમ વખત પુનઃજીવિત કરવાવાળા

રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ-

"હે ખુદા! સૌથી પ્રથમ હું જ એવો વ્યક્તિ છું કે જેણે તારા દીનને પુનઃજીવિત કર્યો છે એ સમયે કે જ્યારે લોકો તને ભૂલી ગયાં હતાં."

(કન્ઝુલ ઉમ્માલ, ભા ૧૧, હ ૩૨૧૨૫)

# મનુષ્યની નિપુણતા

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

મનુષ્યની નિપુણતાનો સબંધ છ વસ્તુઓ સાથે છે;

- બે નાની વસ્તુઓ સાથે
- બે મોટી વસ્તુઓ સાથે
- અને બે બધાં સાથે સબંધ ધરાવતી વસ્તુઓ સાથે

❖ બે નાની વસ્તુઓ મન અને જીભ છે. યુધ્ધ (ઝઘડા, તોફાનો, મારામારી)માં મન (વિચારશક્તિ) કામ આવે છે. વાત કરવા માટે જીભ ઉપયોગી થાય છે. (એવા પ્રસંગોએ મનુષ્ય સમજદાર મન અને સારી વાણીનો પ્રયોગ કરે તો સફળતા અને નિપુણતા પ્રાપ્ત થાય છે.)

❖ બે મોટી વસ્તુઓ બુધ્ધિ અને ઈમાન છે. (એ હકીકત છે કે આ બંનેનો વ્યાપ ખૂબ જ વિશાળ હોય છે. સદ્‌બુધ્ધિને કારણે મનુષ્ય ખાસ કરીને આ જગતમાં સફળતા મેળવે છે અને સાચા (સત્ય) ઈમાનને કારણે પરલોક (આખેરત)માં સફળતા મેળવે છે.)

❖ બે બધાં સાથે સબંધ ધરાવતી વસ્તુઓ માલ (દોલત) અને સૌંદર્ય (સુંદરતા) છે.

(નસાએહ, પા ૨૫૦, હદીસ ૩૭)

# ફરિશ્તાઓના કાર્યોનું દ્રશ્ય

એક દિવસ એક વ્યક્તિએ એક આશ્ચર્યજનક સપનું જોયું. તેણે પોતાને ફરિશ્તાઓ વચ્ચે જોયો. સઘળા ફરિશ્તાઓ પોતપોતાના કામોમાં લાગેલાં હતાં. તેણે જોયું કે ફરિશ્તાઓનો એક મોટો સમૂહ ઝડપથી પૃથ્વી ઉપરથી મોકલવામાં આવેલ અરજીઓને ખોલી-ખોલીને પોત-પોતાના થેલાઓમાં રાખી રહ્યાં છે.

આ જોઈને તે વ્યક્તિએ પુછ્યુંઃ તમે આ શું કરો છો?

એક અરજીનું કવર ખોલતાં-ખોલતાં એક ફરિશ્તાએ ઝડપથી કહ્યુંઃ ''અમે લોકો પૃથ્વીવાસીઓની અલ્લાહ સમક્ષની યાચનાઓને એકત્ર કરી રહ્યાં છીએ.''

તે વ્યક્તિ થોડુંક આગળ ગયો, ત્યાં તેણે અન્ય ફરિશ્તાઓને જોયાં જે કાગળોને કવરમાં મૂકી રહ્યાં હતાં અને તેને ટપાલીઓ મારફતે પૃથ્વી તરફ મોકલી રહ્યાં હતાં. તેણે પુછ્યુંઃ ''તમો શું કરો છો?''

તે પૈકી એક ફરિશ્તાએ ઝડપથી જવાબ આપ્યોઃ ''આ સ્થળ ડિસ્પેચ માટેનું છે. અમે લોકો ખુદાની દયા-કૃપા અને તેની રહેમતોને તેના બંદાઓને મોકલી રહ્યાં છીએ.''

તે વ્યક્તિ થોડુંક વધુ આગળ ગયો તો તેણે જોયું કે એક ફરિશ્તો નવરો બેઠેલો છે. તેણે આશ્ચર્ય પામીને પુછ્યુંઃ ''તમે આમ નવરા કેમ બેસી રહ્યાં છો?''

તે ફરિશ્તાએ કહ્યું: ‘‘આ સમર્થન અને પ્રમાણિત કરવાનું સ્થળ છે. એટલે કે જે લોકોને અલ્લાહ તરફથી તેમની યાચનાઓના પ્રત્યુત્તર મળે છે ત્યારે જે લોકો અલ્લાહના જવાબની રસીદ મોકલે છે તેને આ સ્થળે નોંધવામાં અને પ્રમાણિત કરવામાં આવે છે પરંતુ યાચનાના સ્વીકાર (દુઆના કબૂલ) થવાના પ્રસંગે ઘણાં ઓછા લોકો અલ્લાહને તેનો પ્રત્યુત્તર પાઠવે છે તેથી મારી પાસે ખૂબ જ ઓછું કામ રહે છે અને હું આમ નવરો બેસી રહું છું.’’

તે વ્યક્તિએ કહ્યું: ‘‘મને એ જણાવો કે લોકો અલ્લાહને પ્રત્યુત્તર કેવી રીતે પાઠવી શકે છે?’’

તે ફરિશ્તાએ કહ્યું: ‘‘આ તો ખૂબ જ સહેલું છે. યાચનાનો સ્વીકાર થાય ત્યારે તે વ્યક્તિ કહે કે: શુક્રન લિલ્લાહ - હે અલ્લાહ! તારો શુક્ર!’’

**નોંધ:-** અત્રે એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આ સપનાની વાર્તા આપણને શિખામણ આપવા માટે ઘડવામાં આવી છે. આપણે અલ્લાહની બારગાહમાં પોતાની દુઆઓ - યાચનાઓ પહોંચાડવા, તેનો સ્વીકાર કરાવવા તો ઘણાં પ્રયત્ન કરીએ છીએ પરંતુ જ્યારે કબૂલ થઈ જાય છે તો મોટા ભાગે અલ્લાહને ભૂલી જઈએ છીએ. પરંતુ થવું એ જોઈએ કે દુઆ કબૂલ થયા પછી પણ આપણે અલ્લાહને યાદ રાખીએ અને તેનો આભાર માનીએ.



PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN

